ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૨-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

'હણો ના પાપીને'

રાજીવ ગાંધીના હત્યારાઓની ફાંસીની સજાને જન્મટીપમાં ફેરવી દઇ સર્વોચ્ચ અદાલતે, ભલે ટેકનિકલ મુદ્દા પર લીધો હોય છતાં એક સીમાચિહ્ન રૂપ નિર્ણય લઇ ન્યાય પાલિકાની સર્વોચ્ચતાનું પ્રમાણ પેશ કરી દીધું છે. છેક ૧૯૯૮માં થયેલ ફાંસીની સજા સામે કરાયેલી દયાની અરજી પર કેન્દ્ર સરકારે કોઇ ધ્યાન જ ન આપ્યું અને એથી ભૂતપૂર્વ વડાપ્રધાનના ત્રણ હત્યારાઓને ભયંકર માનસિક યાતના ભોગવવી પડી છે એવી બચાવ પક્ષના વકીલની દલીલમાં સર્વોચ્ચ અદાલતને વજૂદ લાગ્યું છે. રાજીવ ગાંધી દક્ષિણ ભારતના ચૂંટણી પ્રવાસમાં હતા ત્યારે ૧૯૯૧ ના મે મહિનાની ૨૧મી તારીખે તમિળનાડુના પેરુમ્બદુર ખાતે તમિળ આતંકવાદી ધનુ નામની યુવતીએ 'સ્યુસાઇડ બોમ્બર' બની એમની હત્યાને અંજામ આપ્યો હતો. સભા સ્થળે પહોંચી જઇ એણે ભૂતપૂર્વ વડાપ્રધાનને ફૂલહાર પહેરાવવાના બહાને આગળ આવી કમરપટા પર બાંધેલા વિસ્ફોટક દ્વારા આ ષડ્યંત્રને સફળ બનાવ્યું હતું. આ કાવતરામાં સામેલ ચાર વ્યક્તિઓને ફાંસીની સજા સંભળાવાઇ હતી જે પૈકી એક નલિની નામની મહિલા હતી જે તત્કાલીન કેન્દ્રિય મંત્રી શ્રીમતી ચંદ્રશેખરની પુત્રીની બહેનપણી હતી. નલિની મહિલા હોવાને કારણે પ્રિયંકા ગાંધીએ જેલમાં જઇ એની મુલાકાત કરી હતી અને એની ફાંસીની સજા રદ કરાય એવી માગણી કરી હતી; અદાલતે એને જન્મટીપની સજા કરતાં અન્ય ત્રણ ગુનેગારોની ફાંસીની સજા ચાલુ રખાઇ હતી. તે જ રીતે શ્રીમતી સોનિયા ગાંધીએ પણ માનવતાનાં ધોરણે રાજીવ ગાંધીના તમામ હત્યારાઓની ફાંસીની સજા જન્મટીપમાં ફેરવાય તે મતલબની સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. આમ છતાં, દેશનાં વડાપ્રધાન જેવી ઉચ્ચ પદ પર બેઠેલી વ્યક્તિની હત્યામાં સંડોવાયેલ કાવતરાખોરોને ફાંસીની સજા જ થવી જોઇએ એવો અભિપ્રાય પ્રજામાં અને તમામ રાજકીય પક્ષોમાં પ્રવર્તતો હતો. આ મુદ્દે ગુનેગારને રાષ્ટ્રપતિ સમક્ષ છેલ્લી દયાની અરજી કરવાનો અધિકાર હોય છે, જે અન્વયે ફાંસીની સજા પામેલ સંથન, મુરૂગન અને પેરારિવલન દ્વારા આવી દયાની અરજી દાખલ કરાઇ હોવા છતાં અગિયાર વર્ષથી વધુ સમય વીત્યા પછી પણ કોઇ નિર્ણય ન લેવાતાં સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં કરેલ નિરીક્ષણ અનુસાર એમની સજા જન્મટીપમાં ફેરવવામાં આવેલ છે. ફાંસીના ફંદા હેઠળ વર્ષોનાં વર્ષો પસાર કરનારા ગુનેગારો મૃત્યુ કરતાં વધારે મોટી પીડા ભોગવતાં હોય છે. એમની માનસિક સ્થિતિ વિકૃત અને દયાજનક બની જતી હોય છે. મૃત્યુનો ડર વધુ પીડાકારક છે. સુપ્રીમ કોર્ટ દ્વારા થોડા મહિના અગાઉ આવા લાંબા સમયથી પડતર કેસો વિશે એવું નિરીક્ષણ કરાયું હતું કે એમની ફાંસીની સજા રદ કરી એને જન્મટીપમાં ફેરવી દેવી જોઇએ. આ નિરીક્ષણના આધારે ખાલિસ્તાની આતંકવાદી ભુલ્લરની ફાંસીની સજા જન્મટીપમાં ફેરવવા માટે તો પંજાબ વિધાનસભાએ ઠરાવ સુદ્ધાં પસાર કર્યો હતો. એ જ રીતે રાજીવ ગાંધીના તમિળ હત્યારાઓને પણ ફાંસીની સજામાંથી મુક્ત કરવા તમિળનાડુની કરૂણાનિધિ સરકારે ભલામણ કરી હતી. જો કે સર્વોચ્ચ અદાલતે આવી કોઇ ભલામણો કે વિનંતીઓને ગ્રાહ્ય રાખ્યા વગર ટેકનીકલ મુદ્દા ઉપર જ આ નિર્ણય લીધો છે.

વાહ... રાજપુર પ્રાથમિક શાળાના ભૂલકાઓ ચલાવે છે માસિક અખબાર

રાજપુર સમાચારમાં શાળાકીય પ્રવૃત્તિઓ તેમજ ગામના સમાચારની સાથે બાળકોની સર્જનાત્મક કૃતિઓનો સમાવેશ કરાય છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકામાં દોલાવાસણા પાસે આવેલ નાનકડા રાજપુર ગામે શાળામાં ભણતા ધોરણ ૫, ૬ અને ૭ના વિદ્યાર્થીઓ દ્વારા 'રાજપુર સમાચાર' નામથી અનોખુ હસ્તલિખિત અખબાર ચલાવવામાં આવે છે. આ માસિક અખબારમાં ભૂલકાઓ દ્વારા તેમની શાળાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત સાહિત્યીક સર્જનોનો પણ સમાવેશ કરવામાં આવે છે.

રાજપુરની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એક પ્રસંશનીય સર્જનાત્મકતા દાખવતા આ અખબાર ચલાવવામાં આવી રહ્યું છે. જે ગ્રામજનોમાં ખૂબજ લોકપ્રિય બનેલ છે. દર મહિને આ અખબારમાં વિદ્યાર્થીઓ તેમની શાળાકીય પ્રવૃત્તિઓ જેવી કે અભિનય શિબિર, રૂમ સજાવવાની પ્રવૃત્તિ, પ્રવાસ-પર્યટન તેમજ અન્ય અભ્યાસને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે. એટલુ જ નહી પરંતુ તેઓ ગામમાં થતા કાર્યો જેવા કે નવા રસ્તા બનવા વગેરે ઉપરાંત ઉત્સવો અંગેની વિગતવાર માહિતી આપે છે. આ અખબારના તાજેતરના અંકમાં સાબરમતીમાં કડાણા ડેમનું પાણી છોડવાથી શાકભાજીની ખેતી ગામના ખેડૂતો કરી શકશે તેનો પણ વિગતવાર ઉલ્લેખ કરાયો છે.



કુલ ૮ પાનાના માસિક અખબારમાં બાળકો શાળા અને ગામના સમાચાર ઉપરાંત તેમના સાહિત્ય સર્જનો જેવા કે કવિતા, વાર્તા, હાઇકુ, ઉખાણા અને જોક્સ વગેરેનો પણ સમાવેશ કરે છે. જેનાથી દરેક બાળકમાં પત્રકારની સાથે સાથે સાહિત્યકારના ગુણો વિકસી શકે. આ ઉપરાંત આ અખબારમાં દાન કે તેવી સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લેવાય છે. તેમજ કાર્ટૂન ચિત્રો અને તેમની ક્રિયાઓ શિખવાડવા જેવા રચનાત્મક સાહિત્યને પણ સ્થાન આપવામાં આવે છે.

ભૂલકાઓના આ અખબારને શાળાના શિક્ષકોની મદદ અને હૂંફ મળતા આ અખબારો આ ફેબ્રુઆરી માસમાં તેનો ૩૯મો અંક પ્રસિદ્ધ કર્યો છે. આઠ પાનાનું આ અખબાર બાળકો દ્વારા હાથેથી લખી તેને વિવિધ ચિત્રો અને બોર્ડથી સજાવી તેની ઝેરોક્ષ નકલો કાઢવામાં આવે છે. સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે અન્ય અખબારની જેમ તંત્રીલેખની જગ્યાએ પ્રસ્તાવના લખવામાં આવે છે. તેમજ વાચકોની સરળતા માટે અનુક્રમણિકા પણ લખવામાં આવે છે. જેમાં દરેક કૃતિ કોણે લખી તેના નામ અને ધોરણનો ઉલ્લેખ કરવામાં આવે છે. જ્યાં મોટા અખબારોને હરિફાઈમાં ટકી રહેવા આંખે પાણી આવી જાય છે ત્યાં રાજપુરના આ ભુલકાઓનો પ્રયાસને સો-સો સલામ કરવાનું મન ન થાય?

હરિની દૃષ્ટિ...

બેટા, ગુજરાતીનો ટીચર ખરો પણ 'વોટ્સ અપ'નું ગુજરાતી મને ખબર નથી...!!

માનવ સેવા મંડળનો મિલન સમારોહ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા માનવ સેવા મંડળ દ્વારા અનેક પ્રકારની સેવા પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. આ સેવા મંડળ દ્વારા મિલન સમારોહ સહ મહાપ્રસાદનું આયોજન તા. ૨ ઉમી ફેબ્રુઆરીએ સે. ૧૨માં આવેલ ઉમિયા માતાજીના મંદિરે યોજવામાં આવ્યું છે.

માનવ સેવા મંડળ દ્વારા દાતાઓ તરફથી મળતા આર્થિક અને શ્રમદાનની મદદથી શહેરની વિવિધ સંસ્થાઓ જેવી કે વૃદ્ધાશ્રમો, નારીગૃહ, હોસ્પિટલ, રીમાન્ડહોમ અને ભિક્ષુકગૃહમાં દર બીજા અને ચોથા રવિવારે ફળ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવે છે. ૨૦૦૧માં સચિવાલયના એક ઝાડની છાયામાં માત્ર સાતથી આઠ વ્યક્તિઓ દ્વારા શરૂ કરાયેલી આ સંસ્થા છેલ્લા ચાર વર્ષથી ગરીબોના ગરખાં, શિયાળામાં ગરમ ધાબળા અને ચોરસા, ન્હાવાના ટુવાલ અને કરિયાણુ વગેરેનું વિતરણ કરાય છે.

આ મિલન સમારોહમાં ભાગ લેવા સંસ્થા દ્વારા ૧૦ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે રૂ. ૪૦ નો સહયોગ ફાળો રાખેલ છે. સભ્યએ સહયોગ ફાળો આપીને મહાપ્રસાદ માટેના પાસ તા. ૨૦મી ફેબ્રુઆરી સુધીમાં મેળવી લેવાના રહેશે.

અંગ્રેજી માધ્યમના પુસ્તકમાં છબરડા બાદ વિશેષ પગલા

અમદાવાદ, તા.૧૮

અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૮ના સોશ્યલ સાયન્સના પાઠ્યપુસ્તકમાં ગાંધીજીની નિર્વાણ દિવસ સહિતના છબરડા સામે આવ્યા બાદ શિક્ષણ તંત્ર સફાળુ જાગ્યું છે. આ છબરડાના પગલે અંગ્રેજી માધ્યમનાં ધોરણ ૧ થી ૮ના તમામ પ્રકારના પુસ્તકોની સમીક્ષા કરવાનું નક્કી કર્યું છે અને આ સમીક્ષા માટે બે યુનિવર્સિટીઓના કુલપતિઓની એક સમિતીની નિમણુંક કરી છે. આ કમિટી ૩૦ દિવસમાં તપાસ કરીને પોતાનો અહેવાલ રજુ કરશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૩થી પ્રકાશિત થયેલ અંગ્રેજી માધ્યમનાં ધોરણ ૬ થી ૮ના પાઠ્યપુસ્તકોમાં ગંભીર પ્રકારના છબરડા સામે આવ્યા હતા જેમાં ધોરણ ૮ના સોશ્યલ સાયન્સ વિષયના પાઠ્યપુસ્તકમાં ગાંધીજીના નિર્વાણ દિવસની તારીખ ૩૦મી જાન્યુઆરીના બદલે ૩૦મી ઓક્ટોબર લખી હતી. આ ઉપરાંત પણ અનેક પ્રકારના ગંભીર છબરડા સામે આવ્યા હતા. જેના પગલે આ ભુલોને સુધારીને નવા પાઠ્યપુસ્તકો બનાવવા માટે અંગ્રેજી માધ્યમનાં તમામ પાઠ્યપુસ્તકોની સમિક્ષા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં એવોર્ડ મેળવ્યો

ગાંધીનગર, તા.૧૮

સ્વામી નારાયણ શિશુ વિદ્યાલયની વિદ્યાર્થીની ઋતુશ્રી વિશાલ થોરાતએ નેશનલ કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ટાઉનહોલ સે-૧૭ ખાતે રાજયકક્ષાના મંત્રી દિલીપભાઈ ઠાકોરના હસ્તે રૂ. ૪૮૦૦નો મહિલા સ્પોર્ટસ સ્કોલરશિપ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી ચિનુભાઈ પટેલ અને શાળા પરિવારે શાળાનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

ભગત બાપુની ૩૭મી પુણ્યતિથિ નિમિત્તે કાગધામ ખાતે વિવિધ કાર્યક્રમો રજૂ થશે

વિશ્વ વંદનીય મોરારિબાપુ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૧૮

પદ્મશ્રી ભરત કવિ દુલાભાઈ ભાયાભાઈ કાગ 'ભગત બાપુ'ની ૩૭મી પુણ્ય તિથી તા. ૪ માર્ચના રોજ પૂ. મોરારીબાપુના સાંનિધ્યમાં પદ્મશ્રી કવિકાગ બાપુ ટ્રસ્ટ મુ. કાગધામ, જી. અમરેલી ખાતે યોજવામાં આવશે.

અમરેલી જિલ્લાના કાગધામ ખાતે આવેલ પદ્મશ્રી કવિશ્રી કાગબાપુ ટ્રસ્ટ ખાતે 'ભગત બાપુ'ની ૩૭મી પુણ્યતિથી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં બપોરે ૩.૦૦ કલાકે કાગને ફળિયે કાગનુ વાતુ... જેનું સંચાલન બળવંતભાઈ જાની, શાહબુદીન રાઠોડ અને ઘનશ્યામ ગઢવી મુંજકા દ્વારા કરવામાંઆવશે.

તેમજ રાત્રે ૮-૦૦ કલાકે ઉપસ્થિત અને આમંત્રિત મહેમાનોને કાગ પરિવાર દ્વારા સ્વાગત કરી વિશ્વ વંદનીય મોરારિબાપુના વરદ હસ્તે કાગ બાપુ લોક સાહિત્ય એવોર્ડ સ્વ. દુલેરાય કારાણી, પાલુ ભગત, પુષ્પાબેન છાયા, જોરાવરસિંહ જાદવ અને ઓમકારસિંહ લખાવત રાજસ્થાનને એનાયત કરવામાં આવશે અને કાગવાણી કાર્યક્રમમાં રાત્રે ૧૦-૦૦ કલાકે ગુજરાતના નામી અનામી કલાકારો દ્વારા કાગવાણી રજુ કરાશે. કાર્યક્રમમાં પૂજય ભગત બાપુને શ્રધ્ધા સુમન અર્પણ કરવા કાગ પરિવાર દ્વારા સ્નેહભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

આજે શિશુ વિહાર ખાતે બુધસભા

શિશુ વિહાર સંસ્થાના અમૃત મહોત્સવ પ્રસંગે કવિઓની ૧૭૪૭મી બેઠક તા. ૧૯ ફેબ્રુઆર બુધવાર સાંજે ૬-૦૦ કલાકે યોજવામાં આવશે. સ્વામી વિવેકાનંદજીના જીવન કવન પર વિનયભાઈ પતરાળે વ્યાખ્યાન આપશે. તેમજ એન્જિનીયર વિનાયકભાઈ ભારત ભારતી અભિયાન અંતર્ગત દેશભરમાં યુવા જાગૃતિ કાર્ય આરંભશે. માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં યોજાતા વકતવ્યમાં નાગરિકો અને કવિ મિત્રોને પધારવા જણાવ્યું છે.

સી. એન. હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓને લેપટોપ એનાયત થયા

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજયમાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓને લેપટોપ એનાયત કરવાનો કાર્યક્રમ સુરત ખાતે યોજાયો હતો. જેમાં જશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જે સમગ્ર રાજયમાં પ્રસારિત કરાયો હતો.

શેઠ સી.એન. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે લેપટોપ આપવામાં આવ્યા હતા. નિકિતા જે. જાદવ, દેસાઈ દિશા આઈ., કેયુરી સોની, મેઘા સોનીને લેપટોપ મળેલ હતા. ઉપરોકત વિદ્યાર્થીનીઓને શાળાનું ગૌરવ વધારેલ છે. ગૌરવ વધારવા માટે શાળા પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

તુમ મુઝે ભૂલ ભી જાઓ તો યે હક હૈ તુમકો, મેરી બાત ઔર હૈ હમને તો મોહબ્બત કી હૈ !!

'જયારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે, ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.' વસંત અને વેલેન્ટાઈન ડે બંને સાથે જ આવે, અને બે વચ્ચે સમાયો છે પ્રેમ જાણે સગાઈ અને લગ્ન વચ્ચેનો સમયગાળો, ઋતુરાજ વસંત એટલે ખીલવા અને ખૂલવાની મોસમ, પ્રેમ તો અનાયાસે થઈ જાય અને પ્રેમભીનું હૃદય એટલે લાલ ગુલાબનું ઉપવન અને માદક અત્તરનો મઘમઘાટ... પ્રેમમાં રસતરબોળ થવાય એવી કેટલીય ગઝલ, ગીત, મુક્તક, શેર અને વિશેષ ફિલ્મી ગીતો દરેકને એની યાદને કિસ્સા મુજબ બંધબેસતા મળી જાય અને પછી બની જાય વેલેન્ટાઈન ડે અને પછી શરૂ થાય. 'હમ તુમ યુગ યુગ સે યેં ગીત મિલન કે ગાતેં રહેંગે...'

'વાસંતી વાયરાને વેલેન્ટાઈન ડે સંગાથે' ઉજવવાનો જલસો એટલે અસ્તિત્વના ઉત્સવ જેવો 'પ્રેમ' અને પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ હોય છે, તમારો મારો સૌનો સેમ હોય છે' નાં પ્રેમથી નીતરતાં ગાયનોને ગુલદસ્તો 'શિવરંજની'એ પ્રસ્તુત કર્યો. પ્રેમ એ સૌના પ્રેમાળ વિષય છે, ગઈકાલનો વેલેન્ટાઈન ડે ઉજવનારાં સૌના મન-હૃદય પ્રેમથી ભીંજાયેલાં હતા ત્યાં આ પ્યારના પ્યાલાથી છલકતાં રેમોન્ટીક ગીત - ગઝલે કેટલાંયનાં 'વેલેન્ટાઈન 'ને એની નજર સામે ફરતાં કરી દીધાં... સ્ટેજ પર ઉપસ્થિત કલાકારો અને પ્રેમનો શરબતી ઘૂંટ પીવા આવેલા શ્રોતાઓ બંનેના વસ્ત્રપરિધાન એકદમ વેલેન્ટાઈન જેવા રંગબેરંગી, પ્રેમનો સિમ્બોલ એવાં રંગીન 'દુપટ્ટા મેરા સ્ટેજ પર રંગીન લહેરખીઓ ઉપસાવતી હતી...'

અસ્તિત્વનો ઉત્સવ પ્રેમની શરૂઆત 'વકતુંડ મહાકાય અને દેવીની સ્તુતિ આ દેવી સર્વભૂતેષુ' સાથે થઈ અને પ્રેમનો સીધો સંબંધ સ્મરણ સાથે છે અને પગલે પગલે પ્રેમનો પગરવ થાય અને 'ઈશ્ક' માં 'ઈશ્વર' છેની સાબિતી જેવું સુરદાસનું પદ 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' સાથે પ્રેમનાં પાથરણાં પથરાય અને બંદગી માટે ગાયકો અને શ્રોતાઓ બેઠક લઈ લે, બસ પ્રેમ, પ્રેમ અને પ્રેમ બાકી બધો વહેમ જેવો પવિત્ર માહોલ, સૂરજ ઉગે ને અજવાળું થાય તે પ્રેમ, ફુલ ખીલે એવો સહજ પ્રેમ, પથ્થરમાંથી પાણી નીકળે એવો પ્રેમ, અંધકારમાં આગીયો ઝબુકે એ પ્રેમ... જેવી વિવિધ વાતો સાથે કાર્યક્રમની પરિકલ્પના સજાવીને બેઠેલા તુષાર જોષીએ મહેફિલ રંગીન જ રહેશે એવું ફીલ કરાવી દીધું...

ગુજરાતી સુગમ સંગીતના સિતારા સોલી કાપડીયાની રચના 'પ્રેમ એટલે સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો, સ્વપ્નમાં પળાય એવો કાયદો' ની પ્રસ્તુતિ દિવ્યાંગ અંજારિયાએ મિઠાશથી કરી...પ્રેમ દરેક અવસ્થાએ અલગ નામ ધરાવે છે, બાળકને સ્નેહ, સમાન ઉમ્ર-પ્રેમ, મોટા માટે શ્રદ્ધા અને પરમતત્ત્વ માટે આસ્થા, અને પ્રેમીની આસ્તા જતાવતા ડૉ. ફાલ્ગુનીએ 'મોરની બાગામાં બોલે આધી રાતમાં, છનનછન ચૂડિયાં ખનક ગઈ હાથમાં' ગીત રજૂ કર્યું જેમાં 'સાજણ સાજણ મેં કરું' માં અવાજની ગહરાઈ સાથે જામી ગયેલાં ગીતમાં ડૉ. ફાલ્ગુની કેમ વોઈસ ઑફ લતા કહેવાય છે એની સાક્ષી આપી દીધી...

'ભયંકરમાં ભયંકર રોગ લાગે છે સૌને, મને તો પ્રેમ ઉપચાર લાગે છે અને દિલ રહે છે ।પણામાં પણ ધડકે છે બીજા માટે, જેવી દિલની કેફિયત સાથે પરાગીએ ઉમરાવ જાનની 'દિલ ચીઝ કયાં હે આપ મેરી જાન લીજીએ, બસ એકબાર મેરા કહા માન લીજીએ'ની માદક રજૂઆત કરી... તરોતાજા અવાજ ધરાવતાં ફ્રુવીશે વસંતને અમરત્વ ગુજરાતી ગઝલમાં અપાવ્યું એવા આદિલ મન્સૂરીની રચના 'ઉતરી ગયા છે ફૂલનાં ચહેરા વસંતમાં, તારાં જ રૂપ-રંગ વિશે વાત થઈ હશે' ની રજૂઆત એના માટે વહાલ ઉપજાવી ગઈ... પ્રેમમાં એકાદ વાત હોય તો છૂપાવાય, એ તો આવે ને હજાર પૂરાવા સાથે લાવે છે અને આંધી સર્જે છે. ઈન્દિરા ગાંધીના કેટેકટર પર બનેલી અને હમણાં જ વિદાય લઈ ગયેલી સુચિત્રા સેન - સંજીન કુમારની 'આંધી'નું ગીત 'તુમ આ ગયે હો, નૂર આ ગયા હૈ, નહીં તો ચિરાગો સે લો જા રહીથી, જીને કે તુમ સે વજહ મીલ ગઈ હૈ' કેટલીય યાદો તાજી કરાવી ગઈ...

'શિવરંજની'નો પ્રેમથી મઢેલા ગીતોનાં ગુલદસ્તા સાથેનો વેલેન્ટાઈન ડે... ઈતના મદીર, ઈતના મધુર, તેરા મેરા પ્યાર, લેના હોગા જનમ હમેં કઈ કઈ બાર, તેરે સૂર ઑર મેરે ગીત દોંનો મીલકર બનેલી પ્રીત, હોંઠો સે છૂલો તૂમ મેરા ગીત અમર કર દો... ગાયકોના ગીતોનો રંગ શરબતનો અને શ્રોતાઓ મીઠું પાણી, બંને મળીને થઈ ગયાં પ્રેમમાં પાણી પાણી

સજ્જનો સ્નેહથી દુઃખી થાય છે, મહાભારત - અભિનવ શાંકુતલ જેવા સંદર્ભ સાથે પ્રેમના પ્રકારો બતાવી 'હું તો તારી તે પ્રિતમાં પાગલ થઈ ગઈ, હું તો રસ્તાની ધૂળ જાણે વાદળ થઈ ગઈ' ની મધુરી રજૂઆત ડૉ. ફાલ્ગુનીએ કરી... જેની સાથે પ્રેમ થાય એ આપણને ઐશ્વર્ય - પ્રિયંકા કરતાં રૂપાળી દેખાવા લાગે એવું જ પ્રેમનું ગીત 'ચૌદવી કા ચાંદ હો, યા આફતાબ હો, જો ભી હો તુમ ખુદા કી કસમ, લા જવાબ હો,' ટીનેજર ફ્રુવીશે રફીને ન્યાય આપ્યો.

પ્રેમમાં દુપટ્ટા, રૂમાલ, આંખ, પ્યાર, ખત, ઓઢણી, નદી, તળાવ, ફુલ, રિવરફ્રન્ટ, સરિતા ઉદ્યાન બધું આવતું હોય, અને આવાં શબ્દોથી ગઝલ શણગારાય છે અને એવી ગઝલ મેડલી રજૂ થઈ... 'હોંઠો સે છૂ લો તૂમ મેરા ગીત અમર કર દો...' 'તુમ કો દેખા તો યે ખયાલ આયા, જિંદગી ધૂપ તૂમ ઘના સાયા...' 'તુમ ઈતના જો મુસ્કુરા રહી હો, કયાં ગમ હૈ જીસ કો છૂપા રહી હો...' 'ઝુકી ઝુકીસી નજર બેકરાર હૈ કે નહીં' અને 'ચાંદી જૈસા રંગ હૈ તેરા સોને જૈસે બાલ એક તુ હી ધનવાન હૈ ગૌરી બાકી સબ કંગાલ' કમાલના પ્યારની ગઝલની ધમાલની રજૂઆત રહી...

ઉઘડતે પડદે
-સંજય થોરાત
hellogandhinagar@gmail.com

પતિ-પત્નીના મીઠાં પ્યારના કિસ્સા સાથે 'નેન ને નેન મળે જયાં છાનાં, થાય બંને દિલ દિવાના, તમને પારકાં માનું કે પોતાના' અને પ્રેમથી તરબતર ગીત-ગઝલ લખતાં કવિ તુષાર શુકલની એવરગ્રીન રચના 'દરિયાના મોજાં કંઈ રેતીને પૂછે, તને ભીંજાવું ગમશે કે કેમ? એમ પૂછીને થાય નહીં પ્રેમ' દિવ્યાંગની દમદાર રજૂઆતને વન્સ મોર થયું અને કોઈ નખરાં વગર ફરી ગવાયું પણ... પ્રેમનો સંબંધ અફવા સાથે પણ છે, અફવા કાનથી એન્ટ્રી લઈ મોં થી ફરતી પણ થઈ જાય છે, અને તમારી જોડી બનાવી દે, પણ અહીં તો મુકેશ-લતાનું સદાત સાંભળવું ગમે એવું યુગલ ગીત 'કિસી રાહ પર, કિસી મોડ પે, કહીં ચલના દેનાતું છોડકર, મેરે હમસફર, મેરે હમસફર' શ્રોતાઓને ડોલાવી ગયું...

પ્રેમમાં અસલામતી, અવિશ્વાસ, શ્વાસ, વિશ્વાસ, પણ પ્રેમ આપે છે આંસુની અમિરાત, પ્રેમમાં લોકજીવના ગીતો પણ છે, 'ગાઇડ' નું 'ગાતા રહે મેરા દિલ, તુ હીં મેરી મંઝીલ, કહીં બીતેંના યે રાતે કહીં બીતે ના યે દિન' એસ.ડી. બર્મનનું આ ગીત પણ વન્સ મોરથી ગૂંજી ઉઠ્યું અને એક અંતરો ફરી ગવાયો... 'ઓફબીટ' માં અનેક ગીત-ગઝલનો રસાસ્વાદ કરાવતાં અંકિત ત્રિવેદીની રચના 'તુ હી તુ હી મારાં શ્વાસમાં મારે જીવવું તારી સાથે'ની રચના અને કિશોર કુમારનું અતિ પ્રસિદ્ધ ગીત 'ઈતના મદીર, ઈથના મધુર તેરા મેરા પ્યાર, લેના હોગા જનમ હમે કંઈ કઈ બાર' વસંત દેસાઇના સંગીત વાળું 'ગૂંજ ઉઠી શહનાઈ'નું 'તેરે સૂર ઔર મેરે ગીત, દોનોં મીલકર બનેલી પ્રિત' યંગ જનરેશન માટે નવી આશિકીનું 'મેરી આશિકી અબ તુમ હી હોં, કયું કી તુમ હીં હો, જિંદગી અબ તુમ હી હો' અને 'ખાનદાન' ફિલ્મની લૉરી 'તુમ્હી મેરે મંદિર, તુમ્હી મેરી પૂજા, તુમ્હી દેવતા હો' સળંગ ચાર ગીતો ચારેય કલાકારે એક બાદ એક ઉતારી પ્યારનો પ્યારો પ્યારો માહોલ મદહોશ બનાવી દીધો...

પ્રેમિકા એ મોટાભાગે ખાટીમીઠી વાનગી લાગતી હોય છે અને એવું જ કિશોરકુમારનું ગીત 'ઓરી આવે તો તને વાત કહું ખાનગી તું ગરમ મસાલેદાર ખાટીમીટી વાનગી' માં 'દિવ્યાંગ તો 'રૂપલે મઢી છે સારી રાત રે... એનું ઢુંકડું ના હોજે પરભાત' માં પરાગી બંને જણાએ ગુજરાતી ગીતો પણ એટલાં જ પ્રેમમાં પડતાં હૃદયસ્પર્શી છે ની પ્રતિતી કરાવી... ડૉ. ફાલ્ગુનીએ 'હીરો' ફિલ્મનું રેશમાએ ગાયેલું 'મૌતના આઇ તેરી યાદ કયુ આઇ, હાય લંબી જૂદાઇ ચાર દિનાકા, પ્યાર ઓ રબ્બા' ગીત એની વર્સેટાઇલ પર્સનાલીટી પર્સનાલીટી છતી કરે છે... ફ્રુવીશ નામનો નવો સિતારો 'વીરઝારા'ની મદહોશ કરે એવી રજૂઆતમાં 'તેરે લીયે હમ બૈઠે હર આંસુ પીએ, તેરે લીએ'માં જામી ગયો.

'લગજા ગલે કે ફિર યે હંસી રાત હો ના હો, શાયદ ફિર ઇસ જનમમેં મુલાકાત હો ના હો' પ્યારના ગુલદસ્તા જેવા ગીતોની આવી રાત ફરી નહીં આવે નો પેગામ હતું... ગુજરાતીમાં રજૂ કરનારા મનહર ઉદાસની 'શાંત ઝરૂખે વાટ નિરખતી રૂપની રાણી જોઈ હતી, મેં એક શહેજાદી જોઈ હતી' અને 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રાજ' અને ભૈરવીમાં આલાપાયેલું 'જનનીનાં હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ, હો રાજ મને લાગ્યો, કસુંબીનો રંગ' ના પ્યાર ભરા જામ સાથે કાર્યક્રમ પામી ગયો...

'પ્રેમમાં મળવું એ ચમત્કાર છે અને પામવું એ સાક્ષાત્કાર છે' અને 'કદી કોઈનો પ્રેમ ઓછો હોતો નથી, આપણી અપેક્ષા જ વધુ હોય છે' જેવાં ક્વોટ, કેટલાંક કવિ - ગઝલકારનાં શેર, પ્રેમની હળવી વાતો સાથે કાર્યક્રમનાં સૂત્રસંચાલક તુષાર જોષી ખરેખર પ્રેમમાં ગળાડુબ રહ્યા અને ગાયકોનાં ગીતોનો રંગ શરબતનો અને શ્રોતાઓનું મીઠું પાણી બંનેને ભેગા મેળવી મધુરું રસપાન કરાવી બધાંને પાણી પાણી કરાવી ગયાં એમનાં માટે જ કહે, 'છા ગયે મેરે રાજા...' 'શિવરંજની'નો આ કાર્યક્રમ પરફેક્ટ કસ્ટમર સેટીસફેકશન જેવો બની રહ્યો, પ્રેમ વસ્તુ જ એવી છે એમાં જે પડે એને બધું સુંદર જ દેખાય!!

સમગ્ર મહેફિલમાં મીઠું સંગીત સંયોજક મયુર દવે અને એમનાં સાજીંદાઓએ ચારેય ગાયકોને લોકભોગ્ય બનાવવાં શ્રેષ્ઠત્તમ યોગદાન આપ્યું. પ્રમથી મઢેલા હિન્દી - ગુજરાતી ગીતોનો ગુલદસ્તો વેલેન્ટાઈન ડે અને વસંતઋતુની શ્રેષ્ઠ ભેટ બની રહ્યો... 'તુમ મુઝે ભૂલ ભી જાઓ તો યે હક હૈ તુમકો, મેરી બાત ઔર હૈ હમને તો મોહબ્બત કી હૈ' ગીતની આ લાઈન તુષાર જોશીએ છેડેલી જે માટ્રુંય મનગમતું ગીત હોવાથી એ જ લાઈનને ટાઈટલ લાઈન બનાવવાનો મોહ જતો ના કરી શકાયો... પ્યારના ગૂંજારવની યાત્રા અહીંનાં અટકી પણ ગાડીમાં પણ 'પ્યાર દિવાના હોતા હૈ મસ્તાના હોતા હૈ' વાગ્યું એટલે આ પ્યારનો પાવર પેકડ પ્રોગ્રામ અવિસ્મરણીય બની રહ્યો...